RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-04
April-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# શ્રીમદભગવદગીતા : તત્વજ્ઞાન અને વ્યવ્હાર

પ્રિયંકા વી. ચૌહાણ

નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ, આટ્સ કોલેજ, સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યનાગર

---

આજની એકવીસમી સદી એટલે ટેકનોલોજીનો યુગ અને તેમાં પણ તત્વજ્ઞાન શબ્દ સાંભળતા માણસની આંખ સામે જગત મિથ્યા કહી સંસાર છોડી જંગલમાં બેઠેલો માથું નિચે ને પગ ઉપર કરેલો તથા નાક ટટ્ટાર કરી ધ્યાનમાં બેઠેલો વિરકત માણસ જ ધ્યાનમાં આવે છે. પણ એકવીસમી સદીનો સૂટ-બૂટ પહેરી માર્કેટના બજાર ભાવમાં રચ્યો પચ્યો માણસ પણ સાચો તત્વજ્ઞાની હોઇ શકે છે એ વિચાર જ કોઇ એ આપ્યો હોય તો તે એટલે શ્રીમદભગવદગીતા.

આજથી પાંચ હજાર વર્ષ પહેલા કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુન જયારે દીન-હીન લાચાર બની શસ્ત્રો હેઠા મૂકી દે છે, to be or not to be ના પ્રશ્નમાં ગૂંચવાઇ જાય છે ત્યારે મા ગીતા ક્ષુદ્રં હદય અને क्लैब्यं ના તેજસ્વી વિચારોથી જ તેને સાચા તેજનું ભાન કરાવે છે. આમ આપણને પ્રશ્ન થાય કે આજના અર્જુનને તત્વજ્ઞાનની શી જરૂર ? આજનો એકવીસમી સદીનો અર્જુન એટલે માર્કેટનાં બજારભાવની જેમ અપ-ડાઉન થતો રહેલો માણસ, વ્યવ્હારમાં બધાને સંભાળતો માણસ તેના અંદરના રામને સંભાળવાનું ભૂલી જાય છે. ઉ.દા એકવાર એક શેઠ નવી ગાડી લે છે, ગાડી લઇને મંદિર જવાનું નકકી કરે છે બધાને બેસાડી જતા હોય છે એમાં ફોઇ સામેથી આવે છે, ફોઇને બેસાડે છે, ત્યારબાદ ધીરે-ધીરે એક પછી એક બધા આવે છે, ગાડી ફુલ થયા બાદ ગાડી ચાલુ કરી થોડાં આગળ જાય છે. ત્યાં વેવાણ દેખાય છે, હવે, ગાડીમાં જગ્યા હોતી નથી પણ વેવાણને ના થોડી પડાય, હવે કરવું શું ? ત્યારે ડ્રાઇવરને બહાર કાઢી મૂકે છે અને તેની સીટ પર વેવાણને બેસાડી દે છે. હવે હવેશુ ગાડી ચાલે જ કાયંથી ગાડી સ્ટોપ થઇ જાય છે. આપણા જીવનનું પણ તેવું જ છે. પૂર્ણ વ્યવહારિક મોસ્ટ પ્રેકિટકલનું લેબલ લગાડી ફરતો માણસ ભગવાનને ભૂલી જાય છે, તેની ગાડી સ્ટોપ થઇ જાય છે,

सर्वस्य चाहं हयदि सन्निविष्टः

તારી આંદર હું બેઠેલો છું, આમ જો ડ્રાઇવરને યાદ કરીશું તો કયારેય આપણી જીવન રૂપ ગાડી અટકશે નહિ. આમ આજના વ્યવ્હારિક અર્જુનને સારા તત્વનું જ્ઞાન મા ગીતા કરાવે છે. વ્યવ્હારમાં રહીને પણ માણસ સાચો સન્યાસી થઇ શકે છે તેનું જ્ઞાન કોઇ કરાવતું હોય તો તે એટલે મા ગીતા ગીતા કહે છે.

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोतियः
स सन्यासीची योगी च न निरग्निर्न चाक्रियः।।

કર્મફળનો આશ્રય લીધા વગર કે તેની ઇચ્છા રાખ્યા વગર શાસ્ત્રવિહિત જે કર્મ કરે છે તે સન્યાસી છે. તે જ યોગી છે. ઉ.દા. હાઇકોર્ટમાં જજની સામે ખૂન કરેલો માણસ આવે છે, જજ તેને સાંભળ્યા પછી તેને ફાંસીની સજા કરે છે, હવે એક રીતે જોવા જઇએ તો ગુનેગારે ચપ્પુથી કોઇનું ખૂન કર્યું તો તેને ફાંસીની સજા થઇ તેજ રીતે જજે પણ ફાંસીની સજા સંભળાવી તેનું કલમથી ખૂન જ કર્યું કહેવાય ને તો, તેને પણ સજા થવી જોઇએ, પણ ના જજ એ કાયદાનું સાધન છે. અને તેમણે સાધન બનીને કામ કર્યું છે માટે તેમને સજા થતી નથી. આમ આપણે પણ વ્યવ્હારમાં ભગવાનના ઇન્સ્ટ્યુમેન્ટ બનીશું તો કોઇ કર્મ આપણને હેરાન નહી કરે.

RRIJM 2015, All Rights Reserved 

જેવી રીતે અર્જુનને ભરસભામાં કહેવામાં આવે છે કાલે તારે શિખંડીની સામે લડવાનું છે અર્જુન લાલચોળ થઇ જાય છે, અને ના પાડી સભાની બહાર નીકળી જાય છે, એટલામાં ભગવાન મળે છે ભગવાન કહે છે કાલે તારે શિખંડીની સામે લડવાનું છે અર્જુન કહે છે એમ સારૂ. મંજૂર આમ નોટ યું કવેશ્ચન વાય બટડુ ઓર ડાઇ યુદ્ધમાં અર્જુન નિમિત્ત બન્યો માટે જ તે ભગવાનને પ્રિય થયો કારણ કે અર્જુન કરતા ઘણા બધા સારા યોદ્ધા હતા પણ અર્જુન ભગવાનનું હથિયાર થયો માટે ભગવાન सरवेति मत्वा प्रसभ यदुक्तं સખા (Myman) કહી હાંક મારે છે, અને એકવાર ભગવાનનો જે થાય તેની સામે આખ ઊઠાવી કોણ જોઇ શકે ? આમ આપણા વ્યવ્હારિક જીવનમાં નિષ્કામ રીતે, કર્મફળની ઇચ્છા રાખ્યા વગર કર્મ કરતા રહીશુ તો યૌગી બની ભગવાનના હાદયમાં સ્થાન પામશું એમ કોઇ શક નથી. માટે જ નરસિંહ મહેતાની બે પંકિત યાદ આવે છે.

સંસારમાં સરસો રહે મન મારી પાસ

સંસારમાં લેપાય નહી તે જાણ મારો દાસ

આમ તત્વજ્ઞાન એટલે પ્રભુને ગમતું વર્તન પ્રભુને શું ગમે છે તે સમજી લેવુ અને તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. તેના માટે કોઇ ડેમોસ્ટ્રેશનની જરૂર પડતી નથી. એકવાર સમજમાં આવશે, દષ્ટિ બદલાય તો આપમેળે ઊતરી જાય છે જેમ નાના બાળકને ધવરાવતી વખતે બાળકને ભણાવવામાં નથી આવતું કે કેમનું સ્તનમાંથી ખેચી દૂધ પીવું, પણ આપમેળ તે શીખી જાય છે,

માણસના જીવનનો એકંપણ એવો પ્રશ્ન ના હોય કે તેનો ઉત્તર ગીતામાં ના હોય આજના મોંઘવારીના જમાનામાં બેકાર થઇ રહેલા યુવાનને મા ગીતા તેના તત્વજ્ઞાનથી સમજાવે છે.

"अनन्याश्चिन्तयन्तो मांये जनाः पर्युपासतै"

જો તું અનન્યચિત્તથી મારૂ કાર્ય કરીશ તો તારા યોગક્ષમનું હું વહન કરીશ અને આ કોઇ સામાન્ય માણસનું વચન નથી પણ કર્તુમ, અકતુમ, અન્યથાકર્તુમ એવા સુપ્રીમ પાવર ઓફ ધ વલ્ડ ભગવાન યોગેશ્વરનું વચન છે. પણ દુર્ભાગ્યની વાત એ છે આપણને ગર્વનરના સહી કરેલા કાગળ પર વિશ્વાસ છે પણ ભગવાન પર વિશ્વાસ નથી. પરીક્ષામાં એક માર્કસ ઓછો આવતા નહેરમાં જંપલાવતા વિદ્યાર્થીને મા ગીતા કહે છે.

कर्मण्येवाधिकास्ते मा फलेषु कदाचन

તું કર્મ કરતો જા ફળની ઇચ્છા ના રાખીશ

આમ આપણે પણ અર્જુન છીએ માટે ગીતા કહે છે, લાઇફ ઇસ અ બેટલ યુ ફાઇટ ઇટ જીવન એક યુદ્ધ છે તારે લડવાનું છે, કારણ કે ममैवांशो जीवलोके તું મારુ સંતાન છે, સિંહનું સંતાન છે, આમ જીવનથી પરાङ્મુખ બની ન ભાગતા જીવનને રમતનો ભાગ બની જો ગીતાના તત્વજ્ઞનના સહારે રમતા રહીશું તો પછી ભલે ને હાર આવે જીત, યશ મળે કે અપયશ, જીવન એવરગ્રીન બની મહેકતું રહેશે.

RRIJM 2015, All Rights Reserved 